શ્રી

ઇલેકશન

નાટકના ગાયનો

રચી પ્રસિદ્ધ કરનાર.

ઘેલાભાઈ દોલતરામ દલાલ.

Shri Deshi Natak Co. Ld.

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

અમદાવાદ.

આવૃત્તી ૧ લી પ્રત ૨૦૦૦

સને ૧૯૧૫ સંવત. ૧૯૭૧

શ્રી 'રામકૃષ્ણ' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લવદાસે છાપ્યો. ઠે. કાળુપુર ટંકશાળની પોળ—અમદાવાદ.

કીંમત રૂ. ૦—૨—૦ (બે આના

શ્રી પાર્શ્વનાથાય નમઃ

નટીઓ— ૧

બ્રિટીશ ન્યાયી તાજ રાજ્યનો તપો અખંડ,
વ્હેરીને વિખેરી રાજ્ય દંડ દે પ્રચંડ;
રવિ શશી તપે નભે,
વિજય વિજય વિજયં વધે;
રામ તુલ્ય કીર્તિ સર્વ ખંડ. બ્રીટીશ૦

અરજદારો— ૨

જોઇ લેજો સૌ જગના લોકો, કુબડા કમીશનરોના ઢંગ,
હામ ભીડીને નામ માટે શો ધાડ ધડે ધરી અંગ ઉમંગ;
નામે મ્હોટા, કામે ખોટા, ટોટા વિણુ આવા બહુ નંગ,
નવગજ નમીને એજ માગીએ, પ્રભુ પાડે નહીં એથી પ્રસંગ;
અલ્યા મુગા મરો, શરમ કંઈ ધરો,
નામીચા થવા ભલે તમે મથી મરો. જોઇ૦

અરજદારો— ૩

દૂર દૂર દૂર જાઓ, કાળુ મોઢું ના બતાવો,
સીધા સીધાવો પાધરા સાહેબજી સલામ;

ન હોર તો લગીર, ફુલ્યા ફરો શું વીર,
ધાંધલ નકામું થાય છે, આ પાજીઓ પૂજાય છે;
ગરીબ માર્યા જાય છે, સાહેબજી સલામ, ફ૨૦

ગુલબાઈ— ૪

વદે તેવું વિચરનારા, પ્રભુને પ્રાણુથી પ્યારા,
કહે કંઈ કંઈક કરનારા, ખુદાથી તે સદા ન્યારા વદે૦
સત્ય સૂર્ય છૂપે નહિં, જેનો પ્રબળ પ્રતાપ,
ઘટે ન આપ બડાઇનો, ધરવો સન્નીપાત;
ઘણાંયે શ્વાન ભસનારાં, વિરલ તે માંહિ ડસનારાં,
જગે સત્યો ચહાનારા, ન જાતે ગુણ ગાનારા. વદે૦

મ્હેરાં–માલકંસ— ૫

મધુ વનમાં વાગી મોરલી,
હાંરે મધુરી મનહર મોરલી. મધુ૦
સુણતાં ચઢતું ચિત્ત ચગડોળે,
ઝૂમતું ઝુમતું હરખ હિંડોળે;
વાહ મીઠી મઝાની મોરલી. મધુ૦
નરવર રૂષિવર સુરવર ડોલે,
ત્રિભુવનમાં નહીં એ રવ તોલે;

કેવી કામણુ કરતી મોરલી. મધુ૦

ઇરાની— ૬

ગજરા બેચન વાલી નાહાન યે તેરા નખરાં,
ગાલોંકી લાલી હય તેરી નીરાલી;
આંખોમેં હય કયસી લાલી,
કહીં અડગઈ, કહીં લડગઇ, ઝાડુ પડ ગઈ;
કહીં અડગઇ, લડગઈ, પડગઈ યે તેરા નખરાં. ગજરા૦

ઇરાની— ૭

ધરસે સીધારી હરસે સીધારી,
સીયાના શેકારી ચાતુર ખેલારી;
મનકી ફુલાસી લેગયા બીહારી. ધરસે૦
હમકો બીસારી બન ગઇ પ્યારી
હસેરેકી બારી નીલ કંઠ નારી. ધરસે૦
તેરી મેરી જોડી બની હય પ્યારી જાનરે
અલ્લા સલામત રખેગા, મેરા મુરગા સલામત રખેગા
મેરા ઝાડુ સલામત રખેગા—તેરી મેરી૦
બનુ બનુંગા તેરા ચાર જનીયા,
દુંગા તુજે માથેકી પેજનીયા

શાદી કરૂંગા, દુલ્લા બનુંગા, ગદ્દેધે ચડુંગા
હા. હા. હા૦—તેરીમેરી૦

ગુલબાઇ— ૮

દીઠા બહુ ડોળ ઘાલુ, મુરખના સરદાર,
કમાતા કોડી નહીં પણ ફૂક્કડ થઇ ફરનાર;
લપડાકે મ્હોડું રાતું (રાખી)મારંતા જ્યાં ત્યાં માથું.
પરાણે માન ખાટવા, વેચંતાં ઘરબાર૦—દીઠા૦
સારા સાર વિચારનો, કરે કશો ના તોલ.
મિથ્યા આપ બડાઇમાં, ચલવે પોલં પોલ,
ખરેખર ખિસ્સે ખાલી ભોળા ભોળવનાર—દીઠા૦
આંબળી મુછના આંકડા, વાપરતા જીભ ગોળ,
કુલણજી બની ફાંકડા, ચલવે પોલં પોલ.
અજબ છે ગજબ જમાનો સુધરેલો સંસાર—દીઠા૦

કાવસશા—મ્હેરાં— ૯

કાવંશજી કમીશનર, નાના કલેકટર,
શહેર આ સારાનો—ખરેખર.
જાવસ મીટીંગમાં, પાર્ટી ઈવનીંગમાં.
ગુલાં આપનએ, પોઝીશનમાં,

મોટરમાં મ્હાલશું, શાહીબાગ ચાલશું.
મળવા બાનુને કમીશનરનાં.
કાવસ હું ખાનસાબ, મીસીસ તું મેમસાબ.
ટેસ્ટ બંધ કરશું ઠાઠમાઠમાં
વેલડન, વેલડન, વાહજી વાહ વેલડન—કાવસજી૦

મીયાં— **૧૦**

અજબ ગજબ કૈસા હુવા મીયાં પડે ફસી
બીન મોત મીટ્ટીમેં મીલા કમબખ્તીમેં ફસી;
આફત યે કયા શરપે પડી, વોટરમેં નામ હય
ઝઘડા હુવા દો ઝાડોમેં પાડા પડા ફસી
હુક્કા ઉઠાતા મોજમેં થી રોજ દીલલગી
અબ કયાકરૂં કિસકુ કહું જાના કહાં ફસી

મીયા–બીબી. **૧૧**

આગ અલ્લા જલાદે ઇલેકશનમેં,
તેરા જાય સત્યાનાશ, કિયા ખાના ખરાબ૦—આગ૦
કુટી કોડી મીયાં પાસ ના મિલે,
અબ બનીયા રીસાયા કહો કયા વલે
મુંકેસા દિખાના ઉંચા કરકે—આગ૦

શેઠ મૈયહને આલી રસાફરશી

હુઆ વોટર કમબખ્તી પડા ફસી.

લેખાં નુરાનાં પૂરા ધમા ધમ મેં.—આગ૦

નાયકુ— ૧૨

હજારો મેરે કાનકા મોતી (૨)

એરે મોતી મેરા કીચ પડાહય

લે જુમના જલ ધોતી.—હજારો૦

એરે મોતી મેરા બાલ પરોયા,

ધર છતીયાં પર સોતી—હજારો૦

એરે મોતી મેરા કોઇ લા દેતો.

લાખ રૂપૈઆ મેં દેતી—હજારો૦

નાયકા— ૧૩

ભઇ મેં તો દરદ દીવાની, દરદ ન જાને કોઇ.

ઘાયલકી ગત ઘાયલ જાને, જોકોઇ ઘાયલ હોઇ—

ભીતર ઘાવ લાગ્યો પ્રેહકો, બાહેર જાને ન કોઇ—

શુળી ઉપર સહેજ બીછાવી, ઉસ બીધ ચઢનો હોઇ—

મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, બઇદ સાંવરીયો હોઇ—

ભઇ૦—

નાયકા— ૧૪

હાંરે સૈયાં પરૂમે' તોરે પૈયાં સતાવો કાહે મયકા
પીયા જ્યારે સૌતનપે જાઊં વારી
મોહે બીરહાકી મારી કયુ કટારી
કટારી મોરે સૈયાં કયુ' મારી મોરે સયાં.
એકલીયા, પલપલીયાં, તલમલીયા, હોરહીયાં. હાંરે–
બીરહાકી મારી મે'તો રાર કરૂ'ગી
અયસે નીઠુર તુમ હાય
મોહે કાહે સતાવ મોહે કાહે રોલાવ,
જીજલાય, કલપાય, તલસાંય. હાંરે૦–

હજામ— ૧૫

હીરા તારા નશીબ ફલીયાંરે
મ્હોંટાનાં તેડાં આજ, આવ્યા મત કાજ. હીરા૦–
વિલાતી આણ્યો અણીદાર અસ્તરો
સ'ચો કાતરને ઠામ
લટપટીયાની ખટપટ છોડી
સ્ટ્રેપનું સુંદર ચામ. હીરા૦–
ઘોડાગાડીમાં બેસશું ફક્કડ, અક્કડ બનીને આમ
પરભુ પરતાપે વોટર' વાહ વાહ હીરાભાઇ હજામ–
હીરા૦–

મ્હેરાં બાલકમ—   ૧૬

મારી ઢીંગલીને હાલરડું વ્હાલું

તારા ઘુઘરાલા વાળ, વળી કપાળ વિશાળ

તારાં વચન રસાળ,


તને ખાંતે ઘી સાકર ખવાડું   મારી૦—

તારા ગોરા શા ગાલ

વળી હોઠ લાલ લાલ

કંઠે મોતીની માળ

તને હોંશે હોંશે હેતે હીંચોળું.   મારી૦—



અંક બીજો.

ઢેડાઓ— ૧૭

ખુશી ખુશાલીનો દિન આજે
રૂડો રૂપાળો રંગ રાજે. ખુશી૦-
ચેવું સીધું ને સટ, ફટોફટ પટોપટ
ચીધો ફડચો ઝટપટ
ખાલી ખોટી ધમાધમ તે વ્યમ છાજે. રૂડો.-
થાઓ સઘળા તૈયાર, લ્યોજી મહુડીનો બ્હાર
પીઓ પ્યાલા બેચાર
રૂરી કરજો ના કજીઓ પરભુકાજે. રૂડો૦-

બટલર— ૧૮

મેં નહીં કુછ જેસા તેસા; અબ બડે સાબકા બટલર
ખાના પકાને વાલા, બંદાકી બોલ બાલા. મેં૦-
સમ ખાવાને હતી ન દમડી, ખાવા ન્હોતા રોટા
મીઠાઇ મેવા પાંઉ બીસકીટના, હવે રહ્યા નહીં તોટા. મેં૦-
જ્યાં જાતો ત્યાં પડતી લાતો જરી ન ભાવ પૂછાતો.
આજ બધે સાહેબ સલામો, મ્હોટો શેઠ મનાતો. મેં

મીયાં— ૧૯

ભરકે પીલાદે શરાબ યાર સાકીયાં,
તોડે બરદાર હું, કોડે સવાર હું, ઘોડે સવાર હું. ભરકે૦
અયસી રંગીલી ખેજહો, દીલ જીસ્સે સબકા તેજ હો,
જાદુ ભરે હો ચસ્મ મેં ઓર દીલમેં પુર આમેજ હો;
થોડીસી ઔર હય શીશેમેં બાકીયાં. ભરકે૦
એ મય હોવે કુંજ બાગ હો સાકી હો માહવશ,
કોઇ વહાં મુખીલ નહો બાયસ હીજાબકા;
ગરદનમેં હાથ ડાલકર વોશોખ બે હીજાબ,
લબસે લગાદે મેરે પીયાલા શરાબકા;
શરાબહો-કવાબ ઇયા શેરહો ફરાખીયાં. ભરકે૦

મ્હેરા-માલકૌંસ— ૨૦

ફાલે ફાલ્યો ખૂબ ખીલ્યો વસંતરાજ,
શું લીલો લચેલી, રસવેલી નવેલી;
ઝુલાવે ઝુલાવે, બહુ રંગે ઉછરંગે-વસંતરાજ. ફાલે૦
રૂપાળી રઢિયાળી, કોયલડી કાળી;
ટોકારે-લલકારે, પિયુને પોકારે.-વસંતરાજ. ફાલે૦

સેલર્સબોયઝ— ૨૧

થીબ્લાઇન્ડ માઈસ, સી હાઉ ધેરન (૨)
ધેઓલરનીંગ આફ્ટર ધી ફાર્મર્સ વાઈફ:
એન્ડ કટીંગ ધી ટેલ વીથ આ કાર્વીંગ નાઈફ. થ્રી૦

દરજી— ૨૨

ઉઠયો દહાડો અભાગીઆ, મેરઈ મુઓ તું વોટરમાં
નડયાં પૂરવનાં પાપ હું તો થાકયો મારા બાપ
હાય આશો સંતાપ
ખરે પરભુ રૂઠયો તે દેવાણું નામ દફતરમાં. ઉઠયો–
વધી વીપરીત વાત કોઈ બાઝે ભરી હાથ
ઘાલે દાઢીમાં હાથ
છોડી સંચો ને સોય શીદ મોહ્યો આ નવરી મોકાણમાં
ઉઠયો૦–

ધીરજલાલ— ૨૩

વીરલો કો વિશ્વે ટેક કદી નવ તજશે
ચાહે તે થાયે વચન વદેલું પળશે
એકવાર આપીને આશા, વાંકુ કેમ વદાય
મહાપાપ વિશ્વાસ ઘાતમાં, શુંકયું કેમ ગળાય. વીરલો–

શું લઈ આવ્યા, શું લઇ જાવું
ધરી દુરલભ અવતાર
એક ટેક ને નેક વિનાના, નરને છે ધિક્કાર. વીરલો૦—

છોકરાઓ ૨૪

અમે તો પંખી વનવાસી
મનગમતાં સુખ લેતાં ફરતાં;
શીતળ હવા ખાસી. અમે૦
વનવનના પંખી સૌ મળીયે
હસી હસાવી પાછા વળીએ
વળી સંજોગે ફરીને મળીયે,
તમે નગરવાસી અમે૦

૨૫

God save the king

ગત—ડેન્સ.

સમાપ્ત

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો **શ્રી દેશી નાટક કંપની લીમીટેડ**નો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીંમતથી મંગાવી લેવા વેલ્યુ પેબલથી મોકલવામાં આવશે નહિ.

નૌતમ ચંદ્ર.	૦—૨—૦
ઉજ્જેણી યાને સોમનાથનો ઘેરો.	૦—૨—૦
તારા—સુંદરી.	૦—૨—૦
શારદા.	૦—૨—૦
લવ—કુશ.	૦—૨—૦
મનુ—મણી	૦—૨—૦
લીલા.	૦—૨—૦
વસંતસેના.	૦—૨—૦
શ્રી સત્યનારાયણ.	૦—૨—૦
તુરજહાંન.	૦—૨—૦
શ્રી સત્યભામા.	૦—૨—૦
પ્રતિજ્ઞા.	૦—૨—૦
આતશીનાગ ઉર્દુમાં.	
જહેરીછુરી ઉર્દુમાં.	

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

અમદાવાદ.